ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ ધનખર બે વાર બેભાન થયા બાદ એઇમ્સમાં દાખલ

નવી દિલ્હી, તા. ૧૨ (પીટીઆઈ): ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર ૧૦ જાન્યુઆરીએ બે વાર બેભાન થઈ ગયા બાદ સોમવારે અહીં ઓલ-ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ)માં દાખલ કરવામાં આવ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૭૪ વર્ષીય ધનખરનો એમઆરઆઈ કરાવવામાં આવ્યો હતો અને મંગળવારે અન્ય પરીક્ષણો કરવામાં આવશે. ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિને ૧૦ જાન્યુઆરીએ સવારે ૩.૩૦ વાગ્યાની આસપાસ વોશરૂમમાં બે વાર બેભાન થઈ ગયા હતા. એમ અધિકારીએ જણાવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''આજે તેઓ ચેકઅપ માટે એઇમ્સ ગયા હતા, જ્યારે ડોક્ટરોએ તેમને પરીક્ષણો માટે દાખલ થવાનો આગ્રહ કર્યો હતો. તેઓ રાતભર ત્યાં જ રહેશે.'' અધિકારીએ જણાવ્યું હતું કે, ઉપરાષ્ટ્રપતિ તરીકે જાહેર કાર્યક્રમોમાં હાજરી આપતી વખતે ધનખર ભૂતકાળમાં અનેક વખત બેભાન થઈ ગયા હતા, જેમાં કચ્છના રણ, ઉત્તરાખંડ, કેરળ અને રાષ્ટ્રીય રાજધાની પણ સામેલ હતા. ધનખરે સ્વાસ્થ્યના કારણોસર ૨૧ જુલાઈએ ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું.

અન્નામલાઇને પગ કાપી નાખવાની રાજ ઠાકરેની ધમકી: રસમલાઇ નામ આપ્યું!

અન્નામલાઇએ પડકાર ઝીલી લીધો, મુંબઇ આવશે

ચેન્નાઇ, તા. ૧૨: તમિલનાડુ ભાજપના વરિષ્ઠ નેતા અન્નામલાઇ જો મુંબઇ આવશે તો તેમનો પગ કાપી નાખવામાં આવશે એવી રાજ ઠાકરેની ધમકી અંગે અન્નામલાઇએ વળતો પડકાર ફેંકતા કહ્યું છે કે હુ મુંબઇ આવીશ. તેઓ મારો પગ તો કાપી જુએ. જો હું મુંબઈ આવીશ, તો તેઓ મારો પગ કાપી નાખશે, એવું તેમણે લખ્યું છે. હું મુંબઈ જઈશ, તેઓ મારો પગ કાપવાનો પ્રયત્ન તો કરી જુએ આ જવાબ તમિલનાડુ ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અન્નામલાઈએ આપ્યો છે. તેમણે કહ્યું, આદિત્ય ઠાકરે અને રાજ ઠાકરે કોણ છે? ત્રણ ઠાકરે મીટિંગ કરી રહ્યા છે અને મારું અપમાન કરી રહ્યા છે. તેઓ ત્યાંથી મને ધમકી આપી રહ્યા છે. મને ખબર નથી કે હું એ લેવલ સુધી પહોંચ્યો છું કે નહીં. તેમણે લખ્યું છે કે જો હું મુંબઈ આવ્યો તો તેઓ મારો પગ કાપી નાખશે. હું મુંબઈ આવીશ, મારો પગ કાપીને બતાવો. જો હું આવી ધમકીઓ અને ડરથી ગભરાતો હોત, તો હું મારા વતનમાં જ રહેતો હોત. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ ઠાકરેએ મુંબઇને આંતરરાષ્ટ્રીય શહેર ગણાવવા બદલ અન્નામલાઇને ધમકી આપી હતી અને તેમને રસમલાઇ તરીકે પણ ઓળખાવ્યા હતા.

યુપી-બિહારવાળા હિંદી નહીં બોલે, નહીં તો લાત મારીશ: રાજ ઠાકરે

મુંબઇ ગુજરાતને નથી મળ્યું તેનાથી કેટલાક હજી પણ નારાજ છે

મુંબઇ, તા. ૧૨: મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેએ રવિવારે આગામી બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC)ની ચૂંટણીને લઈને દાદર સ્થિત શિવતીર્થ મેદાનમાં પક્ષના કાર્યકરોને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન તેમણે મરાઠી એકતાનું આહ્વાન કર્યું અને કહ્યું કે રાજ્યની ભાષા, જમીન અને ઓળખ પર ખતરો છે. રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ અને બિહારથી આવેલા લોકોએ મહારાષ્ટ્રમાં હિન્દી બોલવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં. મને કોઈ ભાષા પ્રત્યે નફરત નથી, પરંતુ જો તમે તેને બોલવાનો પ્રયાસ કરશો તો હું તમને લાત મારીશ. MNS પ્રમુખે વધુમાં ઉમેર્યું કે કેટલીક શક્તિઓ હજુ પણ એ વાતથી નારાજ છે કે મુંબઈ, ગુજરાતના બદલે મહારાષ્ટ્રને મળી ગયું. તેઓ હવે અદાણી ગ્રુપ દ્વારા મુંબઈ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (MMR) પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ઈરાનમાં લોહીયાળ જંગ: હોસ્પિટલો બહાર મૃતદેહોના ઢગલા

15 દિવસમાં 572નાં મોત, શહેરો વૉર-ઝોન જેવા

લોકો સરકારી ઇમારતોને આગ ચાંપી રહ્યા છે: ઠેર ઠેર આગજની અને તોડફોડના દ્રશ્યો

દસ હજારથી વધુ લોકોની અટકાયત

ઇરાન સરકારે પણ પોતાના હજારો ટેકેદારોને રસ્તાઓ પર ઉતાર્યા

તેહરાન, વૉશિંગ્ટન, તા. ૧૨: ઈરાનમાં બે સપ્તાહ વટાવી ચુકેલા સરકાર વિરોધી દેખાવોમાં ૧૫ દિવસમાં મૃત્યુઆંક ઓછામાં ઓછો ૫૭૨ થઈ ગયો હોવાના અહેવાલ મળે છે જેમાં ઓછામાં ઓછા ૮ બાળકો છે. વિરોધ કર્તાઓ સાથે સખત હાથે કામ લેવા માંડેલી ઈરાન સરકારે ૧૦૬૦૦ જેટલા લોકોની અટકાયત કરી હોવાના પણ અહેવાલ છે.

ઈરાનના અનેક શહેરો યુદ્ધ ગ્રસ્ત વિસ્તારો જેવા લાગે છે. રોષે ભરાયેલા લોકોએ સરકારી ઈમારતોને આગ ચાંપી હતી અને તોડફોડ કરી હતી. ઈરાનમાં ઈન્ટરનેટ બંધ હોવાને કારણે અને ફોન લાઈનો કપાઈ જવાથી, વિદેશથી ત્યાંના દેખાવોનું અનુમાન લગાવવું વધુ મુશ્કેલ બન્યું છે. ઈરાન સરકાર દ્વારા પણ જાનહાનિના કુલ આંકડાઓ જાહેર કરવામાં આવ્યા નથી. વિદેશમાં રહેલા લોકોને ડર છે કે માહિતીના અભાવનો ફાયદો ઉઠાવીને ઈરાનની સુરક્ષા સેવાઓના કટ્ટરપંથીઓ હિંસક કાર્યવાહી કરવા માટે પ્રોત્સાહિત થઈ શકે છે. શનિવાર રાતથી રવિવાર સવાર સુધી પ્રદર્શનકારીઓએ તેહરાન અને તેના બીજા સૌથી મોટા શહેરના રસ્તાઓ ગજવ્યા હતા. ઓનલાઈન વીડિયોમાં રવિવાર રાતથી સોમવાર સુધી વધુ દેખાવો થયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, જેની પુષ્ટિ તેહરાનના એક અધિકારીએ સરકારી મીડિયામાં કરી હતી. CNN અનુસાર, ઈરાનની રાજધાની તેહરાનમાં એક હોસ્પિટલની બહાર મૃતદેહોના ઢગલા પડ્યા છે. આ ઢગલામાં કેટલાક લોકો પોતાના પરિવારજનોના મૃતદેહ શોધી રહ્યા છે. વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ વર્તમાન પરિસ્થિતિને 'આતંકવાદી યુદ્ધ' ગણાવ્યું છે.

હુમલાની ધમકી પછી ટ્રમ્પ કહે છે: ઇરાન વાટાઘાટ કરવા માગે છે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન વોશિંગ્ટન સાથે વાટાઘાટો કરવા ઈચ્છે છે. ટ્રમ્પે દેખાવકારો પર કરવામાં આવેલી કડક કાર્યવાહીના મુદ્દે ઈસ્લામિક સ્ટેટ પર હુમલો કરવાની ધમકી આપી હતી, જેના પછી આ નિવેદન આવ્યું છે. જો કે વધુ વિગતો આપી ન હતી. આ પહેલા ટ્રમ્પે કહ્યું હતું કે ઇરાનના દેખાવકારોના ટેકામાં લશ્કરી કાર્યવાહી કરવાનો પણ વિકલ્પ ખુલ્લો છે. આની સામે વળતા હુમલાની ઇરાનની ચેતવણી અંગે પૂછવામાં આવતા ટ્રમ્પે કહ્યું હતું કે તો તેમને એવો ફટકો મારવામાં આવશે કે તેમણે ક્યારેય ખાધો નહીં હોય. ટ્રમ્પની વાટાઘાટોની ટિપ્પણીઓ પર ઈરાન તરફથી કોઈ સીધી પ્રતિક્રિયા આવી નથી. આ ઘટનાક્રમ એવા સમયે બન્યો છે જ્યારે ઓમાનના વિદેશ મંત્રી જેઓ લાંબા સમયથી વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવી રહ્યા છે તેમણે આ સપ્તાહના અંતે ઈરાનનો પ્રવાસ કર્યો હતો. ઈરાન શું વચન આપી શકે છે તે પણ હજુ અસ્પષ્ટ છે.

તેહરાનના શબઘરમાં મૃતદેહોનો ઢગલો

ઓનલાઇન પ્રસારિત થઈ રહેલો એક વીડિયો ઈરાનની રાજધાનીના બહારના વિસ્તારમાં આવેલા એક શબઘર (મોર્ગ) માં ડઝનબંધ મૃતદેહો હોવાનો દાવો કરે છે. આ સુવિધા વિશે જાણકારી ધરાવતા લોકો અને અમેરિકા સ્થિત 'હ્યુમન રાઇટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સી'એ સોમવારે જણાવ્યું હતું કે, આ વીડિયો કહરીઝક ફોરેન્સિક મેડિસિન સેન્ટરનો છે. ફૂટેજમાં જોઈ શકાય છે કે એક મોટા રૂમમાં બેગમાં રાખેલા ડઝનબંધ મૃતદેહો પાસેથી લોકો પસાર થઈ રહ્યા છે અને ત્યાં રહેલા મૃતદેહોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં, મૃતદેહો બહાર વાદળી રંગની તાડપત્રી પર પડેલા જોઈ શકાય છે. ફૂટેજના એક ભાગમાં એક મોટું ટ્રક પણ જોવા મળે છે. એક મહિલા પોતાના મૃત બાળકને બેઠું થઇ જવા રડતી રડતી કહી રહેલી જોવા મળી હતી.

રશિયા કે ચીન હુમલો કરે તે પહેલા

અમેરિકા સાથે કરાર કરી લો: ગ્રીનલેન્ડને ટ્રમ્પની ચેતવણી

નાટો ભલે નારાજ થતું, અમેરિકાને તેની જરૂર છે તેના કરતા નાટોને અમેરિકાની જરૂર વધારે છે

વૉશિંગ્ટન, તા. ૧૨: પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે રાત્રે જણાવ્યું હતું કે નાટો (NATO)ને અમેરિકાની જરૂરિયાત 'આપણી તેમના પ્રત્યેની જરૂરિયાત કરતા વધુ' છે. આ સાથે જ તેમણે ગ્રીનલેન્ડને ચેતવણી આપી હતી કે ચીન અથવા રશિયા દ્વારા તેના પર વિજય મેળવવામાં આવે તે પહેલાં તે ટ્રમ્પની માંગણીઓ સામે ઝૂકી જાય. ટ્રમ્પે સાથી દેશોની ચેતવણીઓને બાજુ પર મૂકીને આર્કટિક પ્રદેશ પર નિયંત્રણ મેળવવાની પોતાની માંગ પર મક્કમતા દર્શાવી હતી અને કહ્યું હતું કે જો આ પ્રદેશ મેળવવાથી નાટો નારાજ થાય તો તેમને તેની કોઈ પરવા નથી. વોશિંગ્ટન પરત ફરતી વખતે એરફોર્સ વન વિમાનમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પને પૂછવામાં આવ્યું હતું કે શું ગ્રીનલેન્ડ લેવાથી ગઠબંધન સાથેના સંબંધોને નુકસાન થઈ શકે છે.

ટ્રમ્પે પોતાને વેનેઝુએલાના કાર્યકારી પ્રમુખ જાહેર કર્યા!

વિકિપીડિયાના ઓફિશ્યલ પેજ સાથે પોતાનો એડિટ કરેલો ફોટો અને ઓળખ ટ્રુથ સોશ્યલ પર મૂક્યો

વોશિંગ્ટન: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની જાતને વેનેઝુએલાના 'એક્ટિંગ પ્રેસિડેન્ટ' (કાર્યકારી રાષ્ટ્રપતિ) જાહેર કર્યા છે. આ જ મહિને અમેરિકાએ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને એક હુમલા બાદ પકડી પાડ્યા હતા અને હવે તેમની સામે અમેરિકામાં ડ્રગ્સની હેરાફેરી સહિતના અનેક આરોપો હેઠળ કેસ ચલાવવામાં આવશે. માદુરોની ધરપકડ બાદ ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા હવે વેનેઝુએલાને નિયંત્રિત કરશે અને હવે તેમણે પોતાની જાતને 'એક્ટિંગ પ્રેસિડેન્ટ' જાહેર કરી દીધા છે.

'વન બેટલ આફ્ટર અનધર' અને 'હેમનેટ' એ ગોલ્ડન ગ્લોબ્સમાં ટોચના સન્માન મેળવ્યા

નેટફ્લિક્સની એડોલસન્સને ચાર એવોર્ડ

લોસ એન્જલસ, તા. 12 (AP): પોલ થોમસ એન્ડરસનની ક્રાંતિકારી ગાથા "વન બેટલ આફ્ટર અનધર" એ રવિવારે યોજાયેલા 83મા ગોલ્ડન ગ્લોબ્સમાં કોમેડી કેટેગરીમાં ટોચના સન્માન મેળવ્યા હતા, જ્યારે ક્લોઈ ઝાઓના શેક્સપિયર ડ્રામા "હેમનેટ" એ "સિનર્સ" ને હરાવીને શ્રેષ્ઠ ડ્રામા ફિલ્મનો એવોર્ડ જીતી મોટો અપસેટ સર્જ્યો હતો. "વન બેટલ આફ્ટર અનધર" એ શ્રેષ્ઠ કોમેડી ફિલ્મ, તેયાના ટેલર માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી અને એન્ડરસન માટે શ્રેષ્ઠ દિગ્દર્શક તથા શ્રેષ્ઠ પટકથા (સ્ક્રીનપ્લે)ના એવોર્ડ જીત્યા હતા. એન્ડરસન ગોલ્ડન ગ્લોબ્સના ઇતિહાસમાં દિગ્દર્શક, પટકથા અને નિર્માતા તરીકે શ્રેષ્ઠ ફિલ્મ–આ ત્રણેય એવોર્ડ એકસાથે જીતનાર બીજા ફિલ્મ નિર્માતા બન્યા છે. અગાઉ માત્ર ઓલિવર સ્ટોને "બોર્ન ઓન ધ ફોર્થ ઓફ જુલાઈ" માટે આ સિદ્ધિ મેળવી હતી. ટેલિવિઝન એવોર્ડ્સમાં, "ધ પિટ" (The Pitt) એ શ્રેષ્ઠ ડ્રામા સિરીઝનો એવોર્ડ જીત્યો હતો, જ્યારે નોઆહ વાયલે પણ એવોર્ડ જીત્યો હતો. તેણે તેના ભૂતપૂર્વ "ER" સ્ટાર સાથી ક્લૂનીને પાછળ છોડી દીધો હતો. નેટફ્લિક્સની "એડોલેસેન્સ" એ ચાર એવોર્ડ જીત્યા: શ્રેષ્ઠ લિમિટેડ સિરીઝ, અને એસ્ટિન ડોહર્ટી, સ્ટીફન ગ્રેહામ અને 16 વર્ષીય ઓવેન કૂપર માટે અભિનયના એવોર્ડ્સ. અન્ય વિજેતાઓમાં "પ્લુરિબસ" માટે રિયા સિહોર્ન અને "હેક્સ" માટે જીન સ્માર્ટનો સમાવેશ થાય છે.

ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ-2026માં પ્રિયંકા-નિક બન્યાં આકર્ષણનું કેન્દ્ર

કેલિફોર્નિયા, તા. 12: ૮૩મા ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ-૨૦૨૬ના રેડ કાર્પેટ પર પ્રિયંકા ચોપડા અને નિક જોનાસે ફરી એકવાર સાબિત કર્યું કે શા માટે તેમને વૈશ્વિક મનોરંજન ઉદ્યોગમાં સૌથી વધુ ચર્ચિત પાવર કપલ માનવામાં આવે છે. તેઓએ એકસાથે એન્ટ્રી કરતાં જ કેમેરા તેમની તરફ ફરી ગયા અને સોશિયલ મીડિયા પર તેમના લુક્સ ચર્ચાનો વિષય બન્યા. રેડ કાર્પેટ પર નિકે પ્રિયંકાના વાળ સરખા કર્યા અને પ્રિયંકાએ નિકના શર્ટનું કોલર સરખું કર્યું હતું, આ નાની પળોએ ફેન્સના દિલ જીતી લીધા છે. પ્રિયંકા અને નિકની રેડ કાર્પેટ પર હાજરીએ ઘણા ચાહકોને મેટ ગાલાની યાદ અપાવી. તેઓએ પાપારાઝી માટે આત્મવિશ્વાસ અને શાલીનતા સાથે પોઝ આપ્યો હતો, જેના વીડિયો અને તસવીરો ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. ચાહકો તેમની સ્ટાઇલ અને કેમિસ્ટ્રીની પ્રશંસા કરી રહ્યા છે.

પ્રિયંકા ચોપડાએ બ્લુ ગાઉન પહેર્યો, પ્રેઝન્ટર બની

કેલિફોર્નિયા, તા. 12: આંતરરાષ્ટ્રીય આઇકન પ્રિયંકા ચોપડા જોનાસ તેના પતિ નિક જોનાસ સાથે ગોલ્ડન ગ્લોબ્સના રેડ કાર્પેટ પર પહોંચી હતી. અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ જોનાથન એન્ડરસન દ્વારા ડિઝાઇન કરાયેલ નેવી-બ્લુ સ્ટ્રેપલેસ ડિયોર ગાઉન પહેર્યો હતો. આ ગાઉનમાં પ્રિયંકા ખૂબ જ સુંદર અને ભવ્ય દેખાતી હતી, જ્યારે તેનો પતિ નિક જોનાસ ડબલ-બ્રેસ્ટેડ ટક્સીડોમાં હેન્ડસમ દેખાતો હતો. આ એવોર્ડ નાઇટમાં પ્રિયંકા પણ સ્ટેજ પર પ્રેઝન્ટર તરીકે જોવા મળી હતી. પ્રિયંકા થાઈ રેપર-ગાયિકા લલિસા સાથે બેસ્ટ ટેલિવિઝન એક્ટર મેલ ડ્રામાનો એવોર્ડ આપવા માટે સ્ટેજ પર ગઈ હતી.

ઋતિક રોશને ભૂતપૂર્વ પત્ની સુઝાન, ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે ચોટ પાર્ટીમાં પોતાનો 52મો જન્મદિવસ ઉજવ્યો

મુંબઈ, તા. 12: ઋતિક રોશને તેના પરિવાર અને મિત્રો સાથે ચાટ પાર્ટીમાં પોતાનો 52 વર્ષમો જન્મદિવસ ઉજવ્યો હતો. ઋતિકે તેના જન્મદિવસની ઉજવણીના ન જોયેલી તસવીર સાથે એક મીઠી નોંધ શેર કરી હતી. તસવીરોમાં ઋતિક તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે પાર્ટી કરતો જોવા મળે છે. તેની ભૂતપૂર્વ પત્ની સુઝાન ખાન અને તેમના પુત્રો રેહાન અને હૃદાન પણ તેમના માતાપિતા સાથે ઉજવણી કરતા જોવા મળ્યા હતા. આ તસવીરોમાં ઋતિક સુઝાનના ભાઈ અને અભિનેતા ઝાયેદ ખાન, અભિનેતા કુણાલ કપૂર અને સોનાલી બેન્દ્રેના પતિ અને નિર્માતા ગોલ્ડી બહલ સાથે પોઝ આપતા પણ દેખાય છે. અન્ય તસવીરમાં ઋતિક અને સબા તેનો જન્મદિવસ ઉજવતા અને એકબીજાને આલિંગન કરતા દેખાય છે.

પંજાબ નૅશનલ બૅંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બી.ઓ : ટ્રેડ હાઉસ, સુરત –૩૯૫૦૦૨. ફોન નં. ૦૮૩૬– ૨૪૪૭૮૦૦/૭૨૫૯૦૦૯૩૭૫
email: bo052120@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી રાજેશકુમાર ભદવા (દેવાદાર) અને શ્રી પોખર મલ જાટ (સહ દેવાદાર)** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદ્દલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. આ લોનની ચુકવણી માટે **શ્રી મહાવીર શોભાલાલ જૈન (જામીનદાર)**એ જામીનગીરી આપેલ છે.તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ	સુરક્ષીત કરેલ મિલકતનુ સરનામુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રી રાજેશકુમાર ભદવા (દેવાદાર)	સ્થાયી મિલકત કે જે શ્રી કૃષ્ણા વંદન રેસીડન્સી નો પ્લોટ નં. ૧૦૭, માપ ૬૦.૨૩ ચો.મીટર રેવન્યુ સર્વે નં. ૧૦૧, બ્લોક નં. ૯૦ મોજે ગામ. નનસાડ, સબ ડિસ્ટ્રીકટ. કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વે** : સોસાયટી રોડ, **પશ્ચિમે** : પ્લોટ નં. ૭૮, **ઉત્તરે** : પ્લોટ નં. ૧૦૬, **દક્ષિણે** : પ્લોટ નં. ૧૦૮.	૧૯.૧૨.૨૦૨૫	૨૯.૧૧.૨૦૨૫	રૂા. ૧૭,૪૬,૪૨૫.૩૧/–
૨	શ્રી પોખર મલ જાટ (સહ દેવાદાર)				
૩	શ્રી મહાવીર શોભાલાલ જૈન (જામીનદાર)				

ઉપરોકત દેવાદાર(રો) અને જામીનદાર (જે પણ લાગુ હોય) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૧૯.૧૨.૨૦૨૫ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

ઇ-ટેન્ડરીંગ નિવિદા નં.૦૪ ટેન્ડર આઇ.ડી.નં- ૨૬૪૦૭૧ સનેઃ ૨૦૨૫-૨૬
સંપર્ક નં. ૯૮૨૫૮૨૧૬૧૦

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, રાજપીપળા દ્વારા ટેન્ડરની શરતો મુજબ જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઠેકેદારોશ્રી પાસેથી ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી સીંગલ બીડથી નિવિદા નં. ૦૪ નર્મદા જીલ્લાના સાગબારા-ડેડીયાપાડા તાલુકાની જુથ પાણી પુરવઠા યોજનાની ફળીયા કનેક્ટીવીટીના ૧૨ (બાર) માસની કામગીરીની અંદાજીત રકમ ૩.૭૧ કરોડ (આઇ.ડી.નં- ૨૬૪૦૭૧) જિ.નર્મદા, માટે ઓનલાઇન ભાવપત્રક મંગાવવામાં આવે છે. ઉકત કામની ટેન્ડર ફી/બાનાની રકમ તથા અન્ય વિગતો વેબસાઈટ http://tender.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ- ૦૨/૦૨/૨૦૨૬ - ૧૮.૦૦ કલાક છે. કોઇ પણ ટેન્ડર કે તમામ ટેંડરો કોઇ પણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. કામની ટેંડર ડોક્યુમેંટ/ સુધારા કે કોઇપણ ફેરફાર ફક્ત વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઇન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

માહિતી/નર્મદા/૪૩૮/૨૦૨૫-૨૬

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૪૩૭૩૯૪૬૧ & ૧૫૦૬૦૬૯૨૫	હોમ લોન	૧. રામા કાચારૂ ખાલસે ૨. ભારતી રામા ખાલસે	૨૦.૧૨.૨૦૨૫	રૂા.૨૨,૩૯,૨૮૮.૨૦

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે સુડા ના મંજૂર થયેલ પ્લાન મુજબ મહાદેવ નગર–૨ નો પ્લોટ નં. ૪૫૬ (જેના જૂનો અને ખાનગી પ્લોટ નં ૩૨/૨) માપ ૩૯.૦૧ ચો.મીટર ભોયતળિયા ના ૩૯.૦૧ ચો.મીટર બિલ્ટઅપ ના બાંધકામ સહિત બિન ખેતી જમીન સર્વે નં.૩૫૨/૨ બ્લોક નં.૧૧૧,ટી.પી.સ્કીમ નં.૬૨ ફાઈનલ પ્લોટ નં. ૧૪૩/અ,બી,સી પૈકી મોજે ગામ ડીંડોલી સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા ઉધના, જીલ્લા સુરત,ગુજરાત ખાતે આવેલ છે. **જેની ચર્તુદિશા : પૂર્વ તરફ** : જોડેનો